રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩–૦૨–૨૦૧૮

## –: અખબારી યાદી :–

રાજય ચૂંટણી આયોગે રાજયમાં તા.૩૦–૪–૨૦૧૮ સુધી મુદત પુરી થતી હોય તેવી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી, વિભાજનવાળી ગ્રામ પંચાયતોની ચૂંટણી, મધ્યસત્ર ચૂંટણી અને પ્રસંગોપાત રીતે ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૦૪–૦૨–૨૦૧૮ ના રોજ યોજવા જાહેરાત કરેલ. આ કાર્યક્રમ મુજબ ૨૧૮ ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ થયેલ છે અને કેટલીક ગ્રામ પંચાયતો અંશતઃ બિનહરીફ થયેલ છે. તા.૦૪–૨–૨૦૧૮ના રોજના મતદાન માટે જિલ્લા તંત્ર દ્વારા નિયુકત કરેલ મતદાન ટુકડીઓ મતદાનની સામગ્રી સહિત આજ રોજ પોતપોતાના નિયુકત કરવામાં આવેલ મતદાન મથકો પર પહોચી ગયેલ છે. દરેક મતદાન મથકે પોલિસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

તા.૦૪–૨–૨૦૧૮ ના રોજ યોજાનાર મતદાન અંગેની વિગતો પ્રાથમિક અંદાજ પ્રમાણે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતો(સામાન્ય તથા વિભાજન સહિત) અંદાજિત સંખ્યા | | ૧૧૪૫ |
| (૨) | હરીફાઈમાં રહેલ સરપંચોની સંખ્યા | | ૧૧૨૯ |
| (૩) | હરીફાઈમાં રહેલ વોર્ડની સંખ્યા | | ૬૦૪૯ |
| (૪) | અંશતઃ બિન હરીફ સરપંચની સંખ્યા | | ૧૦૨ |
| (૫) | અંશતઃ બિન હરીફ વોર્ડની સંખ્યા | | ૪૧૯૫ |
| (૬) | હરીફાઈમાં રહેલ સરપંચ તથા વોર્ડના સભ્ય માટેની ચૂંટણી અંગેના કુલ અંદાજીત મતદારોની સંખ્યા | | |
| | | પુરૂષ | ૧૧૬૦૭૫૯ |
| | | સ્ત્રી | ૧૦૯૧૧૨૫ |
| | | કુલ | ૨૨૫૧૮૮૪ |

તા.૪–૦૨–૨૦૧૮ના રોજ ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોમાં મતદાન મથકે મત આપવા જનાર મતદારે ભારતના ચૂંટણી પંચે આપેલ મતદાર ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં જો મતદાર ઓળખપત્ર રજૂ ન કરી શકે તો રાજય ચૂંટણી આયોગે નકકી કરેલ ફોટા સાથેના ચૌદ દસ્તાવેજી પુરાવાઓમાંથી કોઈપણ એક પુરાવો રજૂ કરી મતદાન કરી શકાશે.

જે મતદાન મથકો પર મતદાન થવાનું છે, તેવા મતદાન મથકો પર મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ સંપૂર્ણપણે ન્યાયી, મુકત રીતે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવી નેમ વ્યકત કરતા રાજય ચૂંટણી આયોગે રાજયના મતદારોને આ અભિયાનમાં સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરી છે. રાજય ચૂંટણી આયોગ તથા જિલ્લાના વહીવટી તંત્રે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં મતદારો પોતાની પસંદગી મુજબ મતદાન કરી શકે તે માટે તથા શાંતિપૂર્વક, એખલાસભર્યા વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે વહીવટી તંત્ર,પોલીસ કર્મચારી પૂરતી વ્યવસ્થા કરી છે, ત્યારે આ લોકતાંત્રિક

પર્વનાં અભિયાનમાં રાજકીય પક્ષો, આગેવાનો, ઉમેદવારો, મતદારો તથા જનતા સહયોગ આપશે તેવી રાજ્ય ચૂંટણી આયોગ શ્રધ્ધા વ્યકત કરે છે.

રાજયની ૭૫ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તા.૧૭–૨–૧૮ના રોજ યોજાનાર છે. ૭૫ નગરપાલિકાના સામાન્ય ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હતો. ઉપલબ્ધ માહિતી મુજબ આજ સાંજ સુધીમાં કુલ ૮૫૯૭ ઉમેદવારીપત્રો ભરાયેલ છે.જેનું પત્રક આ સાથે સામેલ છે.

(એ.એ.રામાનુજ)
સંયુકતકમિશ્નર
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

**ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩–૨૨૦૧૮–ક**

**પ્રતિ,**
**માહિતી કમિશ્નરશ્રી,**
**ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
**( આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી છે.)**

**નકલ રવાના :–**

**(૧) માનનીય કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર**
**(૨) સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર**
**(૩) રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ**

## તા.૧૭–૦૨–૨૦૧૮ ના રોજ યોજાનાર ૭૫ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીમાં ભરાયેલ ફોર્મની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | નગરપાલિકાનું નામ | કુલ વોર્ડ | કુલ ભરાયેલ ફોર્મ |
|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૯ | ૧૫૧ |
| ૨ | ભાયાવદર | ૬ | ૫૭ |
| ૩ | જેતપુર– નવાગઢ | ૧૧ | ૨૪૩ |
| ૪ | ઉપલેટા | ૯ | ૧૦૯ |
| ૫ | જસદણ | ૭ | ૮૪ |
| ૬ | આંકલાવ | ૬ | ૧૦૦ |
| ૭ | વલ્લભ વિદ્યાનગર | ૬ | ૫૬ |
| ૮ | ઓડ | ૬ | ૬૫ |
| ૯ | બોરીઆવી | ૬ | ૯૧ |
| ૧૦ | કરમસદ | ૭ | ૮૩ |
| ૧૧ | લાઠી | ૬ | ૭૧ |
| ૧૨ | જાફરાબાદ | ૭ | ૪૧ |
| ૧૩ | ચલાલા | ૬ | ૬૦ |
| ૧૪ | રાજુલા | ૭ | ૭૫ |
| ૧૫ | સાણંદ | ૭ | ૬૩ |
| ૧૬ | બાવળા | ૭ | ૧૫૪ |
| ૧૭ | ધંધુકા | ૭ | ૧૦૬ |
| ૧૮ | કોડીનાર | ૭ | ૧૨૪ |
| ૧૯ | માણસા | ૭ | ૯૮ |
| ૨૦ | સોનગઢ | ૭ | ૧૩૦ |
| ૨૧ | ભચાઉ | ૭ | ૮૪ |
| ૨૨ | રાપર | ૭ | ૭૪ |
| ૨૩ | દેવગઢ બારીઆ | ૬ | ૧૧૫ |
| ૨૪ | ઝાલોદ | ૭ | ૨૧૦ |
| ૨૫ | સલાયા | ૭ | ૫૭ |
| ૨૬ | દ્વારકા | ૭ | ૧૨૭ |
| ૨૭ | ભાણવડ | ૬ | ૧૧૧ |
| ૨૮ | છોટાઉદેપુર | ૭ | ૧૭૪ |
| ૨૯ | કરજણ | ૭ | ૧૩૦ |
| ૩૦ | પારડી | ૭ | ૧૦૨ |
| ૩૧ | વલસાડ | ૧૧ | ૨૨૫ |
| ૩૨ | ધરમપુર | ૬ | ૮૭ |
| ૩૩ | જામજોધપુર | ૭ | ૧૩૨ |
| ૩૪ | કાલાવડ | ૭ | ૭૯ |
| ૩૫ | ધ્રોલ | ૭ | ૧૬૬ |
| ૩૬ | વિસાવદર | ૬ | ૭૯ |
| ૩૭ | વંથલી | ૬ | ૭૪ |
| ૩૮ | બાંટવા | ૬ | ૬૧ |
| ૩૯ | માણાવદર | ૭ | ૮૮ |
| ૪૦ | ચોરવાડ | ૬ | ૭૮ |
| ૪૧ | માંગરોળ | ૯ | ૧૨૦ |
| ૪૨ | બિલીમોરા | ૯ | ૧૫૪ |
| ૪૩ | વિજલપોર | ૯ | ૧૩૬ |
| ૪૪ | તળાજા | ૭ | ૮૪ |
| ૪૫ | શિહોર | ૯ | ૧૩૦ |
| ૪૬ | ગારીયાધાર | ૭ | ૮૧ |
| ૪૭ | હળવદ | ૭ | ૭૬ |
| ૪૮ | લુણાવાડા | ૭ | ૧૭૧ |
| ૪૯ | બાલાસિનોર | ૭ | ૯૭ |

| ક્રમ | નગરપાલિકાનું નામ | કુલ વોર્ડ | કુલ ભરાયેલ ફોર્મ |
|---|---|---|---|
| ૫૦ | સંતરામપુર | ૬ | ૧૫૨ |
| ૫૧ | ખેરાલુ | ૬ | ૧૩૬ |
| ૫૨ | વિજાપુર | ૭ | ૧૪૬ |
| ૫૩ | વડનગર | ૭ | ૧૧૪ |
| ૫૪ | મહેમદાવાદ | ૭ | ૧૧૯ |
| ૫૫ | ખેડા | ૭ | ૧૯૦ |
| ૫૬ | ડાકોર | ૭ | ૧૧૮ |
| ૫૭ | ચકલાસી | ૭ | ૧૭૭ |
| ૫૮ | મહુધા | ૬ | ૬૭ |
| ૫૯ | ગઢડા | ૭ | ૬૮ |
| ૬૦ | થરાદ | ૭ | ૧૨૦ |
| ૬૧ | ધાનેરા | ૭ | ૧૬૫ |
| ૬૨ | રાણાવાવ | ૭ | ૬૮ |
| ૬૩ | કુતિયાણા | ૬ | ૫૫ |
| ૬૪ | છાયા | ૭ | ૬૭ |
| ૬૫ | રાધનપુર | ૭ | ૧૩૫ |
| ૬૬ | હારીજ | ૬ | ૯૨ |
| ૬૭ | ચાણસ્મા | ૬ | ૮૮ |
| ૬૮ | કાલોલ | ૭ | ૧૬૧ |
| ૬૯ | હાલોલ | ૯ | ૧૫૩ |
| ૭૦ | તલોદ | ૬ | ૧૦૯ |
| ૭૧ | ઈડર | ૭ | ૩૧૦ |
| ૭૨ | પ્રાંતિજ | ૬ | ૯૯ |
| ૭૩ | ખેડબ્રહ્મા | ૭ | ૧૦૧ |
| ૭૪ | થાનગઢ | ૭ | ૧૦૨ |
| ૭૫ | સુરેન્દ્રનગર | ૧૧ | ૨૨૨ |
|  | કુલ | ૫૨૯ | ૮૫૯૭ |